## તાલુકા વિકાસ અધિકારી કુંભકર્ણની નિંદ્રામાં

# બાયડ તાલુકા પંચાયત આગળ પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનનું ઉબાળીયું

બાયડ તા.૧૦

બાયડ તાલુકા પંચાયત આગળ પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનનું ઉબાળીયું જોવા મળ્યું. પાણીનો નિકાલ કરવાનો છે ત્યાં જ કાટમાળનો ઢગ ખડકાયો છે છતાં તાલુકા વિકાસ અધિકારીની કુંભકર્ણની નિંદ્રામાં પોઢ્યા હોય તેવી સ્થિતિ છે. જિલ્લા કલેક્ટર દ્વારા પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનના અમલીકરણ માટે આદેશ છતાં બાયડના મહિલા અધિકારી આદેશને ગણકારતા ન હોય તેવી છબી સામે આવી છે.



કાટમાળ હટાવવા માટેની ફૂરસદ નથી



આગામી દિવસોમાં ચોમાસુ શરૂ થવાનું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ચોમાસાની પ્રિ-મોન્સૂન એક્ટિવીટી શરૂ થતાં આજથી ગુજરાતમાં ચોમાસાના વિધિવત આગમનની હવામાન વિભાગે આગાહી કરી છે. તા.૨૦ જૂન પછી અરવલ્લી જિલ્લામાં પણ વરસાદની ધમાકેદાર એન્ટ્રીની સંભાવના છે તે પૂર્વે જિલ્લા કલેક્ટર દ્વારા તમામ વિભાગોના અધિકારીઓની બેઠક યોજી પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનના અમલ માટે તાકીદ કરી હતી પરંતુ બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ કાટમાળના ઢગ ખડકાયા છે. સ્વચ્છતા ભૂલવામાં આવી છે અને ચોમાસાનું પાણી ભરાય તો પંચાયત કચેરીની મુલાકાતે આવતા અરજદારો અને ખુદ પંચાયતના કર્મચારીઓ રોગચાળામાં સપડાય તેવી દહેશત ઉભી થઈ છે.

# ચોમાસુ શરૂ થાય તે પૂર્વે વીજળીના ધાંધિયા

સરડોઈ, તા.૧૦

મોડાસા તાલુકાના મેઢાસણ ફીડર હેઠળના ગામડાઓમાં વીજળીના રોજના ધાંધિયાથી પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસુ હજુ જામ્યું નથી ત્યાં પરોઢે અને બપોરે વીજળી ડૂલ થઈ જતાં કાળઝાળ બફારામાં પ્રજાજનો તંત્ર સામે અકળાયા છે. છેલ્લા કેટલાય સમયથી વાવાઝોડા કે વરસાદ વગર વીજળીનાં રીસામણાં શરૂ થયાં છે.

ચોમાસામાં વિજ પુરવઠો નિયમિત જળવાઈ રહે તે માટે ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરવામાં આવતી હોય છે. ઝોલા ખાતા વિજ તાર તેમજ ખામીયુક્ત વિજ ટ્રાન્સફોર્મરના સમારકામ ઉપર ભાર મૂકવામાં આવતો હોય છે પરંતુ મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિજ તંત્રની કામગીરી માત્ર કાગળ ઉપર આટોપી લેવાતી હોય છે જેના કારણે વગર વરસાદે પણ કલાકો સુધી વીજળી વેરણ થતી હોય છે.

**મેઢાસણ ફીડર હેઠળના ગામોમાં વીજળીના ધાંધિયાથી રોષ**

તાલુકાના મેઢાસણ મેઢાસણ ફીડર હેઠળના ગામડાઓમાં વિજ તારને નડતરરૂપ વૃક્ષો દૂર કરવામાં આવ્યાં ન હોવાથી હમણાંથી વીજળીના ધાંધિયા વધી ગયા છે. ચોમાસાનો વિધિવત પ્રારંભ થયો નથી તેમ છતાં ગામડાઓમાં સવારે ગમે ત્યારે વીજળી રીસામણે જતી રહેતી હોવાથી પ્રજાજનો તંત્ર સામે રોષે ભરાયા છે.

ચોમાસાની સીઝનમાં વરસાદ અને વાવાઝોડું ફુંકાય તે સમયે સલામતી ખાતર વિજ પુરવઠો બંધ કરવામાં આવે તે માની શકાય છે પરંતુ વરસાદ કે વાવાઝોડા વગર વીજળી ગાયબ થઈ જવાનું કારણ પંથકની પ્રજાને હજી સુધી સમજાતું નથી. જ્યારે સ્થાનિક વિજ ફોલ્ટ થાય ત્યારે વિજ તંત્ર દ્વારા ફરજ પર મૂકાયેલા હેલ્પર શોધ્યા પણ જડતા ન હોવાથી પ્રજાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

# એ..હાલો..હોટલમાં જમવા : જિલ્લામાં આજથી ૫૦ ટકા ક્ષમતા સાથે હોટલ-રેસ્ટોરન્ટ ધમધમશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ગુજરાતમાં કોરોનાનું ગ્રહણ હળવું થતાં અનલૉક સંપૂર્ણપણે અમલી બનવા જઈ રહ્યું છે. આજે શુક્રવારથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૫૦ ટકા ક્ષમતા સાથે સવારે ૯-૦૦ થી સાંજે ૭-૦૦ સુધી હોટલ, રેસ્ટોરન્ટ ખુલ્લી રાખવા માટે છૂટ આપવામાં આવી છે. લાંબા સમયથી કોરોનાના કારણે હોટલ અને રેસ્ટોરન્ટ બંધ રહેતાં ઉદ્યોગની કેડ ભાંગી ગઈ હતી અને આજથી હોટલ, રેસ્ટોરન્ટ ખોલવા માટે મંજૂરી તો આપી પરંતુ હોટલ માલિકોને જરૂરી સ્ટાફ મળશે કે કેમ..?? તેની દહેશત જોવા મળી છે.

બેકાબુ બનેલા કોરોના સંક્રમણના કારણે લાંબા સમયથી હોટલ, રેસ્ટોરન્ટ બંધ રહેતાં

## કોરોનાએ હોટલ ઉદ્યોગની કેડ ભાંગી નાખી

લોકો ભોજન માટે અહીં થી તહીં દોટ લગાવતા જોવા મળ્યા. ગૃહોમાં પાર્સલ માટેની છૂટ હતી પરંતુ તેનો લાભ લોકો લેતા ન હોવાથી પંજાબી, કાઠીયાવાડી, ચાઈનીઝ ભોજનના શોખીન



કેટલાક કિસ્સાઓમાં નાસ્તા હતા. લાંબા સમયથી હોટલ બંધ અનેક લોકો નાસીપાસ થઈ ગયા હતા પરંતુ રાજ્ય સરકાર દ્વારા સવારે ૯-૦૦ થી સાંજે ૭-૦૦ સુધી હોટલ ખોલવા માટે છૂટછાટ આપવામાં આવી છે જેના કારણે મજરા-પ્રાંતિજ-હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે ઉપરાંત શામળાજી-મોડાસા, ધનસુરા-બાયડ-કપડવંજ સ્ટેટ હાઈવે, હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા-અંબાજી સ્ટેટ હાઈવે અને શહેરી તેમજ તાલુકા મથકે આવેલી હોટલ-રેસ્ટોરન્ટ આજથી ધમધમતી થઈ જશે જેના કારણે સવારથી જ નાસ્તાના શોખીનો રેસ્ટોરન્ટ ઉપર ઉમટે તેવી સંભાવના છે. આંશિક લૉકડાઉનના અંત ભણી ગુજરાત જઈ રહ્યું છે. હોટલ અને રેસ્ટોરન્ટ ખુલતાં અન્ય બજારમાં પણ તેની અસર સારી જોવા મળશે.

# ઉગ્ર વિરોધની જીત : ઉત્તર ગુજરાતમાં ધો.૧૦ના એલ.સી.માં માસ પ્રમોશનના બદલે માધ્યમિક શિક્ષણ પૂર્ણ લખવાનો નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને માસ પ્રમોશન આપતાં મિશ્ર પ્રત્યાઘાત સામે આવ્યા હતા. જ્યારે અગાઉ માર્કશીટમાં માસ પ્રમોશન લખવાના નિર્ણય સામે વિરોધ થયા પછી એલ.સી.માં માસ પ્રમોશન લખવાનો નિર્ણય કરાયો પરંતુ તે મુદ્દે પણ ઉગ્ર વિરોધ થયા પછી બોર્ડે છેવટે માસ પ્રમોશનના બદલે હવે માધ્યમિક શિક્ષણ પૂર્ણ થતાં લખવાનો નિર્ણય લીધો છે. પરંતુ જે શાળાઓએ બોર્ડની સૂચના પ્રમાણે માસ પ્રમોશનથી પાસ લખ્યું છે તેમના માટે ગુંચવાળો ઉભો થયો છે.

**રાજ્ય વ્યાપી વિરોધની અસર**

રાજ્ય સરકારના તમામ વિભાગોમાં શિક્ષણ વિભાગમાં નિર્ણય લેવામાં વિલંબ અને વારંવાર નિર્ણય બદલવા તે ખાસ કરીને માધ્યમિક શિક્ષણ બોર્ડની ઓળખ બની ગઈ છે. કોરોનાના કારણે ધો.૧ થી ૯ અને ૧૧ માં માસ પ્રમોશનના નિર્ણય પછી સરકાર દ્વારા ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો નિર્ણય લેવાતાં કેટલાક જાગ્રત વાલીઓએ સરકારના આ નિર્ણય સામે પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. જ્યારે પરિણામ કેવી રીતે આપવું તેનો ગુંચવાળો ઉભો થયા પછી બોર્ડ દ્વારા તમામ ડી.ઈ.ઓ. અને શાળાના આચાર્યોને માર્ગદર્શન મળી રહે તે માટે પરીપત્ર કર્યો. ધો.૧૦ ના માસ પ્રમોશન મેળવનારા વિદ્યાર્થીઓ માટે એલ.સી.માં માસ પ્રમોશન લખવાનો નિર્ણય લેવાતાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત સહિતના રાજ્યના તમામ વિસ્તારોમાં વિરોધ થયો જેથી વિરોધથી હરકતમાં આવેલા બોર્ડે હવે તેમાં ફેરફાર કર્યો છે અને માસ પ્રમોશનના બદલે એલ.સી.માં માધ્યમિક શિક્ષણ પુરૂ થતાં તેવું દર્શાવવાની પરીપત્ર મારફતે સૂચના આપવામાં આવી છે.

## ધનસુરાના શિક્ષકનો સવા કરોડ રામનામ મંત્ર લેખનનો સંકલ્પ

અરવલ્લી જિલ્લાના ધનસુરાના શિક્ષકે સવા કરોડ રામનામ મંત્ર લેખનનો સંકલ્પ કરેલ છે દેશમાં કોરોનામાં જે વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે તે જીવાત્માઓ સદગતિ પામે અને તેના મોક્ષાર્થે શિક્ષકે સંકલ્પ કરેલ છે ધનસુરાના પંચાલ પિયુષકુમાર કાન્તિલાલ ધ્વારા સવા કરોડ રામનામ મંત્ર લેખનનો સંકલ્પ કરેલ છે. જે પૂર્ણ થયા બાદ મંત્ર લખેલ ચોપડીઓનું પવિત્ર શ્રાવણ માસમાં નર્મદાજીમાં વિધિસર વિસર્જન કરવામાં આવશે તેમને શનિ અમાવસ્યાના પવિત્ર શુભ દિને આ સંકલ્પ કરેલ છે.

# અરવલ્લી આર. એન્ડ બી. જિલ્લા પંચાયતના ઈજનેરની ધનસુરામાં કોન્ટ્રાક્ટરો સાથે ગપસપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લી આર. એન્ડ બી. જિલ્લા પંચાયતના ઈજનેરે ૫ દિવસ અગાઉ ધનસુરામાં મુખ્ય માર્ગ ઉપર ઉભા રહી કેટલાક કોન્ટ્રાક્ટરો સાથે ગપસપ કરતાં આ મામલો જિલ્લા પંચાયત વર્તુળમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. નજીકમાં આવેલા શોપીંગ સેન્ટરના સી.સી.ટીવી કેમેરા ચેક થાય તો ચાલતા વહીવટનો પર્દાફાશ થઈ શકે છે.

અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના સહિત અન્ય રોડના કામોમાં ગુણવત્તા વગરનું કામ થયા હોવાના ગંભીર આક્ષેપ પછી પાછલા બારણે મામલો સુલજાવી દેવા પ્રેશર ટેકનિક શરૂ થઈ છે. બાયડ તાલુકાના ઘોડનાલ-વજેપુરાકંપા-ચાંદરેજ માર્ગના નિર્માણમાં નબળા કામની

**સી.સી.ટીવી કેમેરા ચેક થાય તો ચાલતા વહીવટનો પર્દાફાશ થાય..!!**

લેખિત ફરિયાદ ખુદ ભાજપના આગેવાને કર્યા પછી મામલો રફે દફે કરી દેવામાં આવ્યો છે. નિયત સમયમાં કામ પૂરાં ન કરતી એજન્સીઓને બ્લેક લીસ્ટ કરવાના બદલે છાવરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ત્યારે જાણવા મળ્યા મુજબ અરવલ્લી આર. એન્ડ બી. જિલ્લા પંચાયતના ઈજનેર દ્વારા ધનસુરામાં મુખ્ય માર્ગ ઉપર સરકારી વાહન થોભાવી માસ્ક હાથમાં ગુમાવતાં..ગુમાવતાં કેટલાક કોન્ટ્રાક્ટરો સાથે ગપસપ કરી હતી અને કહેવાય છે કે સાહેબને પોતાને પસંદ હોય તેવી વાતમાં મેળ ન પડતાં મોંઢુ વકાસીને મોડાસા ભણી રવાના થઈ ગયા હતા. લાગે છે કે આવનારા દિવસોમાં આર. એન્ડ બી. જિલ્લા પંચાયત અરવલ્લીમાં નાના-મોટા વિસ્ફોટ બહાર આવી શકે છે.

# બાયડમાં સરકારી અંગ્રેજી માધ્યમની શાળા શરૂ થતાં વાલીઓમાં ખુશાલી

## ધો.૧-૨ ના વર્ગો શરૂ થશે, મફત શિક્ષણ, પુસ્તકો, યુનિફોર્મ આપવાનું વચન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા દરેક તાલુકામાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ



કરવાનો નિર્ણય લેવાયો છે. બાયડ તાલુકામાં સૌ પ્રથમ બાયડ તાલુકા પ્રા.શાળામાં અંગ્રેજી માધ્યમની સરકારી શાળા શરૂ થતાં વાલીઓમાં ખુશાલી છવાઈ. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ પટેલે સરકારી અંગ્રેજી માધ્યમની શાળાનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, નાયબ ડી.પી.ઓ. સમીરભાઈ પટેલ, બાયડ ટી.પી.ઓ. જી.એન.દેશમુખ, બી.આર.સી. કો.ઓર્ડીનેટર દિપકભાઈ પટેલ, સી.આર.સી. કો.ઓર્ડીનેટર હરીશભાઈ પટેલ, શાળાના મુખ્ય શિક્ષક રીટાબેન ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

દાયકાથી કડવી વાસ્તવિક્તા એ રહી છે કે સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ કરતાં ખાનગી શાળાઓ પ્રત્યે વિદ્યાર્થી-વાલીઓનો લગાવ વધુ રહ્યો છે. પાછલા ૩ વર્ષ દરમ્યાન મોડાસા, ભિલોડા, મેઘરજ અને ધનસુરામાં અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી પરંતુ તજજ્ઞ અંગ્રેજી માધ્યમનો સ્ટાફ નિયુક્ત ન થતાં અનેક વાલીઓમાં નાખુશી જોવા મળી. પરંતુ હવે સરકારનો પ્રા.શિક્ષણ વિભાગ બધી રીતે અપગ્રેડ થઈ રહ્યો છે. બાયડમાં સૌ પ્રથમ સરકારી પ્રા.શાળાનો ગુરૂવારે પ્રારંભ થયો ત્યારે ધો.૧, ૨ માં ૧૧ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. આગામી વર્ષથી ધો.૩ નો વર્ગ શરૂ કરાશે. અંગ્રેજી માધ્યમની શાળાના શુભારંભ પ્રસંગે શાળા પરીસરમાં યજ્ઞ કરી લોકાર્પણને યાદગાર બનાવવામાં આવ્યું હતું. અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ મેળવનારા બાળકોને મફત શિક્ષણની સાથે પુસ્તકો, યુનિફોર્મ આપવાનું વચન આપવામાં આવ્યું છે.

### જિલ્લાની સરકારી અંગ્રેજી પ્રા.શાળામાં ૩૫૦ વિદ્યાર્થી..

વર્ષ-૨૦૧૮ થી અરવલ્લી જિલ્લામાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે અંગ્રેજી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓ શરૂ થઈ છે. ૪ તાલુકામાં શરૂ થયેલી શાળાઓમાં મોડાસામાં ધો.૧ થી ૮ માં ૧૭૦, ભિલોડામાં ૧. થી ૬ માં ૬૦, મેઘરજમાં ધો.૧ થી ૩ માં ૩૦, ધનસુરામાં ધો.૧ થી ૩ માં ૪૫ મળી કુલ-૩૫૦ વિદ્યાર્થી અંગ્રેજી માધ્યમની શાળામાં અભ્યાસ કરતા હોવાનું જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા જણાવ્યું છે.

# ખેડૂતો આનંદો : સરકારે ટેકાના ભાવમાં ૫૦ ટકાનો વધારો કર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

કેન્દ્ર સરકારે તલ, તુવેર, અડદ દાળ અને અનાજમાં ટેકાના ભાવમાં ૫૦ ટકાનો વધારો કર્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતો માટે એક રીતે આનંદના સમાચાર કહી શકાય પરંતુ મળતા ટેકાના ભાવથી ખેડૂતો સંતુષ્ટ નથી. ડીઝલના ભાવમાં સતત વધારો અને ખેતમજૂરી મોંઘી થતાં સરકાર ટેકાના ભાવમાં ૧૫૦ ટકાનો વધારો કરે તો પણ ખેડૂતોને ખેતી કરવી પરવડે તેમ નથી.

એકવાત ખેડૂતોએ પણ સ્વીકારવી પડશે કે કેન્દ્રની ભાજપ સરકારમાં ખેડૂતોના હીત માટે ચિંતા થઈ રહી છે. ટેકાના ભાવમાં સરકાર વધારો કરતાં ખેડૂતોને ઘરઆંગણે પાક ઉપજના પોષણક્ષમ ભાવ મળે તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવાઈ છે તેમ છતાં ક્યાંકને ક્યાંક ખાટલે ખોડ હોય તેમ કામગીરીમાં ઉભી થતી અડચણના કારણે ખેડુતો અને તંત્ર વચ્ચે ઘર્ષણ વધતું આવ્યું છે. કેન્દ્ર સરકારે બીજા વર્ષે ખરીફ પાકના ન્યુનતમ ટેકાના ભાવમાં વધારો કર્યો છે. જેનાથી ખેડૂતોને ફાયદો થઈ શકે છે. તલના ન્યુનતમ ટેકાના ભાવમાં રૂા.૪૫૨, તુવેર અને અડદના ભાવમાં રૂા.૩૦૦નો વધારો કરાયો છે. ડાંગરના પ્રતિક્વિન્ટલ ભાવ રૂા.૧૮૬૮ હતા તે વધારીને ૧૯૪૦ રૂા. પ્રતિક્વિન્ટલ કરવામાં આવ્યો છે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ.વિભાગ,
મોડાસા, જાહેર નિવિદા નં. ૦૪/૨૦૨૧-૨૨
કાર્યપાલક ઇજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ વિભાગ મોડાસા (ફો.નં.૦૨૭૭૪-૨૫૦૦૨૦) ધ્વારા નવીન ક્લાસરૂમ તથા સી.સી. કામો જેની અંદાજીત રકમ રૂ ૪.૮૯ લાખ થી રૂ. ૨૪.૩૬ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમા નોધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૧/૦૬/૨૦૨૧ થી તા:- ૨૪/૦૬/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોકત વેબ સાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.
નામાનિ/હિંમત/૧૩૦/૨૦૨૧